### મોડાસાની ૨૨ વર્ષીય યુવતી યુવાવયે બની લેખક

# ક્રિષ્ના પટેલના 'જિંદગીના સરનામે' પુસ્તકનું જિલ્લા કલેકટરના હસ્તે વિમોચન

બાયડ તા.૧૪

અરવલ્લી જિલ્લાનું મોડાસા શહેર શિક્ષણ નગરી તરીકે ઓળખાય છે.ત્યારે મોડાસા શહેર માટે વધુ એક સિદ્ધિનું મોરપીંછ ઉમેરાયું છે.મોડાસા ની ક્રિષ્નાબેન ગીરીશભાઈ પટેલ દ્વારા લખાયેલ 'જિંદગીના સરનામે' પુસ્તકનો વિમોચમ કાર્યક્રમ યોજાયો હતો.માત્ર ૨૨ વર્ષની ઉંમરે લેખકનું બિરુદ મેડવનાર ક્રિષ્ના પટેલનું પુસ્તક જિલ્લા કલેકટર ડો નરેન્દ્રકુમાર મીના તેમજ મોડાસા નગરપાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસારની ઉપસ્થિતિમાં બુક લોન્ચિંગ કરવામાં આવી હતી. તેમજ સુંદરપુરા રામજી મંદીરના સંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર કેવશદાસજી મહારાજ , સંત શ્રી રાધેશ્યામ દાસજી સાથેજ સુંદરપુરાના અન્ય મહન્તો એ આશીર્વાદ આપ્યા હતા.




મોડાસા ટાઉન હોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં વિમોચન કરાયેલ પુસ્તકમાં જિંદગીના પ્રયત્નો,સંઘર્ષો,ચા સાથેનો શબ્દ પ્રેમ સાથે અલેખાયેલી આ પુસ્તકને મહેમાનોએ વખાણ્યું હતું. આ સિવાય ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના પ્રમુખ ભરતભાઈ પરમાર,અરવલ્લી જિલ્લા સહકારી સંઘના પ્રમુખ પ્રભુદાસ પટેલ તેમજ ભાજપના પૂર્વ પ્રદેશ મંત્રી સુરેશભાઈ ત્રિવેદીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# ડીસા એસ.ટી.કર્મચારીઓએ ગ્રેડ પે મામલે ડેપો મેનેજરને આવેદનપત્ર પાઠવ્યું

ડીસા,તા. ૧૪

ગુજરાત રાજ્ય વાહન માર્ગ વાહન વ્યવહાર નિગમના રાજ્ય ભરના ડેપોમાં ડ્રાઈવર અને કંડકટર સહિત ના અંદાજે ૩૬૦૦૦ જેટલા કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે જોકે રાજ્ય સરકાર દ્વારા અન્ય કર્મચારી ઓને મળવાપાત્ર લાભો આપી દેવામાં આવે છે પરંતુ એક માત્ર એસ ટી વિભાગ ના કર્મચારી ઓ ને મળવાપાત્ર લાભ આપવામાં સરકાર અને એસ ટી વિભાગ ઠાગા ઠેયા કરે છે જેથી એસ ટી વિભાગ ના યુનિયનો દ્વારા અવાર નવાર માગ કરવામાં આવે છે તયારે આજે ડીસા ખાતે પણ કર્મચારીઓ દ્વારા ગ્રેડ પે લાગુ કરવા અને નાણાકીય લાભ આપવા બાબતે લેખિત અને મૌખિક રજુઆત કરવા છતાં કોઈજ પરિણામ ના આવતા ગત તરીખ ૨૧/૧૦/૨૧ ના રોજ રાજ્યવ્યાપી માસ સીએલ સાથે રાજ્યવ્યાપી હડતાળ નું એલાંન



કરતા રાજ્યસરકાર મધ્યસ્થી થઈ હતી અને લેખિત અને મૌખિક બાંયધરી આપી હતી જોકે ત્યારબાદ આજ દિન સુધી કોઈ જ લાભ આપેલ ના હોઈ આ મામલે આજે ડીસા માં એસ ટી કર્મચારી ઓ દ્વારા ડેપો મેનેજર ને આવેદન પત્ર પાઠવી ગ્રેડ પે ચુકવવાની માગ કરી હતી અને આગામી સમયમાં આ માગણી સ્વીકારવામાં નહિ આવે તો ગાંધી ચિધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેમ પણ ચીમકી આપી હતી.

# ધોરીડુંગરી પાસે મહિસાગર નદી ઉપર રૂા. ૧૮ કરોડના ખર્ચે પુલનું નિર્માણ

### બાયડ સાથે જોડાયેલા મહિસાગર, પંચમહાલ જિલ્લામાં થતો વાહન વ્યવહાર સુલભ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

બાયડ તાલુકાની સરહદ સાથે જોડાયેલા મહિસાગર અને લુણાવાડા ધોરી માર્ગ ઉપર પસાર થતી મહિસાગર નદી ઉપર રુ ૧૮ કરોડના ખર્ચે પુલનું નિર્માણ કરવામાં આવતાં વાહન ચાલકોમાં ખુશાલી છવાઈ છે. બાયડ, પંચમહાલ અને મહિસાગર જિલ્લાનો વાહન વ્યવહાર નવો પુલ તૈયાર થવાથી વધુ સુલભ થયો છે. વાહન ચાલકો તેમજ રાહદારીઓની સલામતીને વિશેષ ધ્યાનમાં રાખી આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી તૈયાર કરવામાં આવેલ પુલના કારણે પંચમહાલના લુણાવાડા, વિરપુર તેમજ બાલાસિનોરના વાહન ચાલકોને ચોમાસા દરમ્યાન પડતી મુશ્કેલીનો અંત આવ્યો છે.

રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા મહિસાગર જિલ્લાના લુણાવાડા-ઘોરીડુંગરી માર્ગ ઉપર વિશ્વ બેંક યોજના હેઠળ રુ ૧૮ કરોડના ખર્ચે મહિસાગર નદી ઉપર હાલોડ ગામ પાસે હાઈલેવલ પુલનું નિર્માણ થયું છે. ૧૨ મીટર પહોળાઈ તેમજ ૪૦૩ મીટરની લંબાઈ ધરાવતા પુલની બંને એપ્રોચની કુલ લંબાઈ ૨૦૦ મીટર રાખી રાહદારીઓ તેમજ વાહન ચાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી પુલનું નિર્માણ કરવામાં આવ્યું છે. ચોમાસા દરમ્યાન પુલ ન હોવાના કારણે બાયડથી પંચમહાલ તેમજ મહિસાગર જિલ્લામાં જવા-આવવા માટે વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. ખાસ કરીને બાલાસિનોર પંથકના વાહન ચાલકોને ગાંધીનગર અથવા તો અમદાવાદ જવામાં ખાસ્સી હાલાકી વેઠવી પડતી હતી પરંતુ હવે કરોડોના ખર્ચે હાઈલેવલ પુલનું નિર્માણ થતાં વાહન ચાલકોની મુશ્કેલીનો અંત આવ્યો છે. નવનિર્મિત પુલના કારણે મહિસાગર જિલ્લા ઉપરાંત બાયડ તાલુકાના અસંખ્ય ગામોના વાહન ચાલકોને હવે ઝડપી પરીવહનની સુવિધા મળવા સાથે કાળઝાળ મોંઘવારીમાં ઈંધણની બચત થઈ શકે છે.

# પ્રાંતિજ ખાતે સોસાયટી વિસ્તારોમાં ચોરીઓને લઈને સોસાયટીના રહીશો સાથે મિટીંગ યોજાઈ

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઈ એચ.એસ ત્રિવેદી દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ વિવિધ સોસાયટીઓના ચેરમેન-સેકેટરીઓ સહિત સોસાયટી ના સભ્યો સાથે મિટીંગ યોજી. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઈ એચ.એસ.ત્રિવેદી દ્વારા રાત્રીનો પેટ્રોલિંગ સઘન





બનાવ્યો છે પણ તેની સાથે સાથે પ્રાંતિજ ખાતે આવેલ વિવિધ સોસાયટીઓ રહીશો ની પણ મદદત મળી રહે તે માટે પ્રાંતિજ ની વિવિધ સોસાયટીઓ ના ચેરમેન સેકેટરીઓ તથા સભ્યો રહીશો સાથે પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા એક મીટીંગ નુ આયોજન કર્યુ હતુ જેમા કમાલપુર, નેશનલ હાઈવે, એપ્રોચરોડ, રેલ્વેસ્ટેશન , સિનીમા રોડ ઉપર આવેલ તમામ સોસાયટીઓના ચેરમેન સેકેટરી સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા જેમા પ્રાંતિજ પીઆઈ દ્વારા દિવસ દરમ્યાન આવતા વિવિધ ફેરીયાઓ ના મોબાઈલ મા ફોટા પાડવા તથા તેનો ના આઈકાર્ડ માગવા તથા સોસાયટીઓ અંદર સીસીટીવી કેમેરા લગાડવા તથા રાત્રી દરમ્યાન ઘરો ની આગળ પાછળ અજવાળુ કરવુ કે લગ્ન પ્રસંગે કોઈ કામ અર્થે બહાર ગામ જાઓ તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા જાણ કરવી કે પડોશીઓને જાણ કરવી તથા વિવિધ સોસાયટીઓમા રાત્રી પેટ્રોલીંગ સાથે પોઈન્ટ વધારવો સહિત ની ચર્ચાઓ કરી હતી તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન તથા પ્રાંતિજ પીઆઈ એસ.એચ ત્રિવેદી તથા પ્રાંતિજ પોલીસ બીટ જમાદાર નો નંબર પણ ઉપસ્થિત સોસાયટીઓના રહીશોને આપવામા આવ્યો હતો તો વિવિધ સોસાયટીઓ ના રહીશોએ પણ પ્રાંતિજ પોલીસ ના રાત્રી પેટ્રોલીંગ ના સહારણા કરી પોલીસ ની કામગીરી ને બિરદાવી હતી અને પોલીસ ને મદદત રૂપ થવા બાંહેધરી આપી હતી તો પ્રાંતિજ પોલીસ દ્વારા પણ પોલીસ ને મદદત રૂપ થવા સોસાયટીઓના રહીશો ને અપીલ કરી હતી તો મીટીંગ મા પ્રાંતિજ પીઆઈ એચ.એસ ત્રિવેદી, મહિલા પીએસઆઈ એ.બી મિસ્ત્રી, પ્રાંતિજ બીટ જમાદાર જીજ્ઞેશ ભાઈ, દિનેશભાઈ, સરદારસિંહ સહિત પોલીસ કર્મચારીઓ સહિત વિવિધ સોસાયટીઓના ચેરમેન સેકેટરીઓ તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# બાળમજૂરીનો અજગરી ભરડો છતાં વિભાગના કાયદા કાગળ પર સિમિત

### જિલ્લાના શ્રમ વિભાગમાં ૨ વર્ષથી ઈન્ચાર્જથી ચાલતો વહીવટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શ્રમ વિભાગ સામે ગંભીર ફરિયાદો વચ્ચે છેલ્લા ૨ વર્ષથી બંન્ને જિલ્લાનો વહીવટ ઈન્ચાર્જ અધિકારીથી ચલાવાઈ રહ્યો છે. શ્રમ વિભાગના કાયદા કાગળ ઉપર સિમિત બન્યા છે. જિલ્લામાં બાળ મજૂરી તેમજ સરકારી કાયદાને નેવે મૂકી મજૂરીના થતાં શોષણ મળે કાયમી સરકારી શ્રમ અધિકારીની જગા કેમ ભરવામાં આવતી નથી ?? તે સવાલો ચર્ચાનો વિષય બન્યા છે.

સરકારના શ્રમ વિભાગમાં કાયમી અધિકારીખોનો દુકાળ રહેતી હોય તેવી સ્થિતિ જિલ્લામાં જોવા મળી રહી છે, સાબરકાંઠા જિલ્લામાં તેમજ અરવલ્લી જિલ્લામાં શ્રમ વિભાગના અધિકારીઓની એક પછી એક બદલી થવાની સાથે એક કરતાં વધુ જિલ્લાની ચાર્જ સોંપવામાં આવતો હોવાના કારણે સરકારી શ્રમ વિભાગની કામગીરી ખાડે જઈ રહી છે. બંને જિલ્લામાં ૨ વર્ષથી સસ્કારી શ્રમ અધિકારીની જગ્યા કાયમી ધોરણે ભરવામાં ન આવતાં શ્રમ વિભાગ નામ પૂરતી બની રહ્યો છે. હાલની સ્થિતિએ લોલના લેબર ઓફીસર ગીરીશ સધાવતને બે જિલ્લાનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. ઘણા સમયથી એક અધિકારી પાસે વધારાના જિલ્લાઓની ચાર્જ રહેતો હોવાથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સરકારી શ્રમ અધિકારી ઉડતી મુલાકાતે આવતા હોય છે જેથી મોટાભાગના વિસ્તારોમાં શ્રમ વિભાગના કાયદાઓનું ઉલ્લંઘન સ્વભાવિક થયું છે.

# અરવલ્લી જિલ્લામાં ગંગા સ્વરૂપા યોજના અંતર્ગત બહેનોને રૂ. ૭.૫૫ કરોડની આર્થિક સહાય ચૂકવાઈ

બાયડ તા.૧૪

અરવલ્લીમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત ૨૯,૫૦૦ બહેનોને રૂ. ૭.૫૫ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલા સશક્તિકરણ અર્થે અને સુરક્ષા માટે ઘણી યોજનાઓ અમલી બનાવામાં આવી છે. જેમાં ગંગા સ્વરૂપ એટલે કે વિધવા બહેનોને આર્થિક મદદરૂપ થવાના હેતુથી ગંગા સ્વરૂપ સહાય યોજના અમલમાં મુકાવમાં આવી છે. નિરાધાર વિધવા બહેનો સમાજમાં સન્માનભેર જીવન વ્યતીત કરી શકે તે માટે આ યોજના થકી તેમને આર્થિક મદદ કરવામાં આવે છે.

આ યોજનામાં ગંગા સ્વરૂપ બહેનોને માસિક રૂ.૧૨૫૦ વિધવા પેંશન રૂપે તેઓના બેંક કે પોસ્ટ ખાતામાં સીધા આપવામાં આવે છે. આ યોજના હેઠળ અરવલ્લીમાં જાન્યુઆરી.-ફેબ્રુઆરી ૨૦૨૨ માસમાં ૨૯,૫૦૦ લાભાર્થીઓને રૂ. ૭.૫૫ કરોડની સહાય આપવામાં આવી છે. આ યોજનામાં જિલ્લામાં માર્ચ ૨૦૧૯ માં કુલ ૩૫૭૧ બહેનોને લાભ મળતો હતો. માર્ચ -૨૦૧૯ માં ૨૧ વર્ષના પુત્રની શરત દૂર કર્યા બાદ અત્યાર સુધી કુલ ૨૫,૯૨૯ લાભાર્થી બહેનોનો વધારો થયો છે. આ ઉપરાંત અગાઉ જે લાભાર્થીઓને માર્ચ ૨૦૨૦ પહેલા સહાય મંજુર થઈ હતી પણ ચુકવણી કરવામાં આવી ન હતી તેવા ૧૩૨૩ જેટલા લાભાર્થીઓને માર્ચ -૨૦૨૧ માં ૯૦ લાખ જેટલી સહાય લાભાર્થીઓના ખાતામાં સીધી જમા કરવામાં આવી હતી.

### બનાસકાંઠાના વિવાદિત નશાબંધી નિરીક્ષકની બદલી

# મેલાસીસની હેરાફેરી મામલે અગાઉ નિરીક્ષકની ઓડિયો કલીપ વાઈરલ

### નિરીક્ષક એન.એ. દેવાણીની તાત્કાલિક અસરથી ભરૂચ બદલી

પાલનપુર તા. ૧૪

બનાસકાંઠા જિલ્લા ના નશાબંધી અને આબકારી નિરીક્ષક મેલાસીસની હેરાફેરી મામલે વિવાદોમાં સપડાયા હતા. જોકે મેલાસીસની હેરાફેરી મામેલ અગાઉ તેમની ઓડિયો કલીપ વાઈરલ થયા બાદ ગુજરાત રાજ્ય નશાબંધી કમિશ્નર દ્વારા તેમની તાત્કાલિક અસર થી બદલીનો હુકમ કરવામાં આવ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બનાસકાંઠા જિલ્લા નશાબંધી અને આબકારી નિરીક્ષક એન.એ.દેવાણીની થોડા સમય અગાઉ ૨૪ લાખ મેલાસીસ ની હેરાફેરી મામલે વાતચિત કરતી ઓડિયો કલીપ વાયરલ થઈ હતી જેને લઈ નશાબંધી નિરીક્ષક વિવાદોમાં સપડાયા હતા જે અંગે મીડિયા માં અહેવાલ રજૂ થતા રાજયના નશાબંધી અને આબકારી નિમાયકે વહીવટી કારણોસર બનાસકાંઠાના વિવાદિત નશાબંધી નિરીક્ષક એન.એ દેવાણીની તાત્કાલિક અસર થી ખાંડ નિરીક્ષક તરીકે ભરૂચ બદલી કરવામાં આવી છે અને બનાસકાંઠા માંથી છૂટા થઈ બદલી ના સ્થળે હાજર થવાનો અહેવાલ રજૂ કરવા તાકીદ કરવામાં આવી છે

# વાવ તાલુકાનાં ટડાવ ખાતે ગુજરાતની સૌથી મોટી નંદી શાળાને ખુલ્લી મુકાઈ

### પાંચ હજાર નંદીઓને ૨૦૦ એકર જમીનમાં આશ્રય સ્થાન મળશે : ગુજરાતનાં પાંજરાપોળ અને ગૌશાળા સંચાલકોની સરકારી સબસીડી માટે બેઠક યોજાઈ

પાલનપુર તા.૧૪

બનાસકાંઠા જિલ્લાનાં વાવ તાલુકાનાં ટડાવ ખાતે ગુજરાતની સૌથી મોટી નંદીશાળાને પરમ પૂજય ગૌઋષિ શ્રી દતશરણમાંનંદજી મહારાજ સહિત સાધુ સંતો દ્વારા ખુલ્લી મુકવામાં આવી હતી.૨૦૦ એકર જમીનમાં શીતળામાતાજીનાં સાનિધ્યમાં ગુજરાતની આ સૌથી મોટી નંદી શાળા હોવાનું ટ્રસ્ટ દ્વારા જણાવ્યું હતું.સાથે સાથે આગામી સમયમાં નંદીઓ માટે હોસ્પિટલ સહિતની વિશિષ્ટ સેવાઓ પથમેડા ગૌધામ મહાતીર્થની પાવન પ્રેરણાથી બની રહી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, મળતી માહિતી મુજબ ગુજરાતની ગૌશાળાઓ અને પાંજરાપોળ સંચાલકોની અતિમહત્વની સરકાર દ્વારા ગૌવંશ માટે સબસીડી જાહેર કરે એ માટે યોજાઈ હતી.જેમાં રાજ્ય સરકાર દ્વારા ગૌશાળાઓ અને પાંજરાપોળોમાં સબસીડી ચાલુ કરવામાં નહિ આવે તો આગામી સમયમાં ગુજરાતનાં તમામ જિલ્લા મથકે કલેકટર કચેરીએ આવેદનપત્ર પણ આપવામાં આવશે તેવું જણાવ્યું હતું.

કોરોના સમય પછી રાજ્યમાં ગૌશાળાઓ અને પાંજરાપોળમાં રહેલ ગૌધનની સેવા કરવી અને ઘાસચારો પણ મોંઘો થયો હોવાથી નિભાવ કરવો મુશ્કેલ બન્યો છે.ત્યારે રાજ્ય સરકાર દ્વારા કાયમી ધોરણે સરકારી સબસીડી આગામી બજેટમાં રજૂ કરવામાં નહિ આવે તો ગૌશાળા સંચાલકો અને પાંજરાપોળનાં સંચાલકો કાંતો પશુધન ગાંધીનગરમાં છોડશે નહિતર ગૌશાળા અને પાંજરાપોળની ચાવીઓ સરકારને સંચાલન કરવા માટે સોંપશે તેવું જણાવ્યું હતું. આ પ્રસંગે પ.પૂ.ગૌઋષિ દતશરણાનંદજી મહારાજ,સહિત મોટી સંખ્યામાં સાધુ સંતો અને આગેવાનો સહિત મોટી સંખ્યામાં ગૌભક્તો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

> બનાસકાંઠા, પાટણ, કચ્છ જિલ્લાનાં ગૌસેવા સંઘની બેઠક યોજાઈ હતી જેમાં સરકાર દ્વારા કાયમી અનુદાન નહીં આપવામાં આવે તો એક મહિનામાં જ ગૌશાળાઓની ચાવીઓ સરકારને સોમવામાં આવશે. સરકાર અને સમાજ બન્ને સાથે રહીને ગૌશાળાઓ અને પાંજરાપોળ ચલાવી શકે એકલો સમાજ ગૌશાળા નું સંચાલન સંભવ નથી સરકાર આર્થિક મદદ કરશે તો જ ગૌશાળાઓ ચાલશે..
>
> **- મુકુંદજી મહારાજ,ટડાવ ગૌશાળા પ્રેરક.**

> તમામ જીલ્લાના ગૌશાળા અને પાંજરાપોળ સંચાલનોની એક જ માંગણી કરી છે કે કાયમી ધોરણે સરકાર સબસીડી આપે નહિ આપે તો અમો ઉગ્ર આંદોલન કરીશું અને તમામ જિલ્લાઓ પર કલેકટર કચેરીએ આવેદનપત્ર પણ આપશું.અને જરૂર પડે તો ગાંધીનગરમાં પણ ધરણાં કરીશું.
>
> **- ત્રિકમદાસજી મહારાજ, કચ્છ,અંજાર ગુજરાત રાજ્ય ગૌ સેવા સંઘ.**

> સરકાર દ્વારા એક મહિનામાં જ સરકારી સહાયની જાહેરાત કરવામાં નહિ આવે તો આક્રમક મૂડમાં ગૌપ્રેમીઓ આંદોલન પણ કરશે જેથી સરકાર દ્વારા સત્વરે અમારી માંગણી પુરી કરવામાં આવે...
>
> **- મહામંન્ડલેશ્વર શ્રી જાનકીદાસજી મહારાજ રામઆશરા ઘરણીઘર ગૌશાળા ટ્રસ્ટી,ઢીમા**

# ધનસુરા ઓધવ વિદ્યામંદિર ખાતે માતૃ પિતૃ પુજન દિવસ ઉજવાયો

ધનસુરા,તા. ૧૪

ભારત દેશ આદિકાળથી સંતોની પાવન ભુમિ માં સનાતન ધર્મ ને અનુસરી રહ્યો છે ગુરુઓ અને સંતો દ્વારા મળેલ વારસાગત સંસ્કારો નું સિંચન આપણા સમાજમાં ધાર્મિક ગુરુજીઓ દ્વારા અને શાળાઓમાં શિક્ષકો દ્વારા પીરસાઈ રહ્યું છે એવામાં ધનસુરા ઓધવ વિદ્યામંદિર ખાતે માતૃ પિતૃ પુજન દિવસ ઉજવાયો હતો. બાળકો માં



બાલ્યાવસ્થા થી જ ઉત્તમ સંસ્કારો નું સિંચન થાય તે માટે માતૃ પિતૃ પુજન દિન ની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો એ માતા પિતા નું પુજન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.ભારતીય સંસ્કૃતિ ને ઉજાગર કરવા હેતુ માતૃ-પિતૃ પૂજન દિવસ નું આયોજન કર્યું હતું જેમાં સમાજના ઉપપ્રમુખશ્રી ઈશ્વરભાઈ પટેલ, સમાજના મંત્રી શ્રી ભરતભાઈ પટેલ સમાજના દાતા શ્રી ડાહ્યાભાઈ પટેલ અને ઓ.વી.એમ. ના સેક્રેટરીશ્રી નરેન્દ્રભાઈ પટેલ તેમજ ભૂદેવોની હાજરીમાં ખૂબ મોટી સંખ્યામાં વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.શિક્ષણ સમિતિના સભ્યો અને સમાજના હોદ્દેદારો તેમજ આમંત્રિત મહેમાનશ્રીઓ એ શાળાના આચાર્યશ્રી જીજ્ઞેશભાઈ પટેલ અને શાળા પરિવારને આ કાર્યક્રમનું સફળ સંચાલન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## દુ:ખદ અવસાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના શકરાભાઈ પટેલનાં માતા સંતોકબેન છગનભાઈ પટેલનું દુ:ખદ અવસાન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.



## જન્મદિને વધામણી



માયાબેન રાજેન્દ્રભાઈ પટેલ
સેક્ટર-૫ એ
ગાંધીનગર



વિનોદભાઈ એમ પટેલ
રડોદરા તા. બાયડ



મિલાપ વી. પટેલ
રડોદરા તા બાયડ



પન્નાબેન પ્રવીણભાઈ ઠેકડી
વલ્લભ નગર સોસાયટી
બાયડ જીલ્લો અરવલ્લી



જયેશભાઈ પટેલ
શ્રી એન એચ. શાહ
હાઈસ્કુલ બાયડ
પુસરી તા.તલોદ



મહેશભાઈ કે પટેલ,
પત્રકાર
ડેમાઈ તા. બાયડ



વિઆંશ વિજયકુમાર ચૌધરી
સાંઈ વિલા સોસાયટી
બાયડ

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧